# પ્રેષિત યાકૂબ, ઝબદીનો દીકરો
## ફાધર વર્ગીસ પોલ

ઈસુએ પોતાને અનુસરવા માટે યાકૂબ અને તેના નાના ભાઈ યોહાનને સાથે બોલાવ્યા હતા. તે વખતે બન્ને ભાઈઓ પોતાના બાપ ઝબદી સાથે ગાલીલ સરોવરના કિનારે હોડીમાં બેઠાં બેઠાં જાળ સમી કરતા હતા. શુભસંદેશકાર માથ્થી અને માર્ક બન્નેઓ એ પ્રસંગનું લગભગ એકસરખા શબ્દોમાં વર્ણન કર્યું છે.

ગાલીલના સરોવર પાસે થઈને ઈસુ જતા હતા. “ત્યાંથી થોડી જતાં તેમણે ઝબદીના પુત્ર યાકોબને અને તેના ભાઈ યોહાનને હોડીમાં બેઠાં બેઠાં જાળ સમી કરતા જોયા. અને તરત જ તેમણે તેમને હાક મારી, એટલે પોતાના બાપ ઝબદીને મજૂરો સાથે હોડીમાં છોડીને તેઓ ઈસુની પાછળ ચાલી નીકળ્યા” (માર્ક ૨, ૧૯-૨૦, માથ્થી ૨૧-૨૨). યાકૂબ અને તેના નાના ભાઈ ગાલીલમાં પ્રાંતમાં બેથસેબા ગામના વતની હતા. ઝબદી ઘણુંખરું એક ધનિક માછીમાર હતા. એટલે જ તેઓ માછલી પકડવામાં પોતાના દીકારઓ સાથે મજૂરોને પણ રાખી શકતા હતા. બાપ ઝબદીની જેમ બન્ને દીકારાઓ પણ માછીમાર હતા.

શુભસંદેશમાં એક રસપ્રદ પ્રસંગ છે જે માથ્થી અને માર્ક બન્નેએ નોંધ્યો છે. પણ એમાં એક ખાસ નોંધપાત્ર તફાવત પણ છે. માર્કના શુભસંદેશ પ્રમાણે બન્ને ભાઈઓ જાતે ઈસુ પાસે આવીને એક માગણી કરે છે. “ત્યાર પછી ઝબદીના બે દીકરા યાકોબ અને યોહાને ઈસુની પાસે આવીને કહ્યું, ‘ગુરૂદેવ, અમારી એક ઈચ્છા પૂરી કરો એવી અમારી વિનંતી છે’” (માર્ક ૧૦, ૩૫). માથ્થીના શુભસંદેશ મુજબ બન્ને ભાઈઓનાં મા એટલે ઝબદીની પત્ની બન્ને દીકરાઓ સાથે ઈસુ આગળ આવીને એ જ વિનંતી કરે છે. “એ વખતે ઝબદીના છોકરાઓની માએ પોતાના છોકરાઓ સાથે આવીને ઈસુને પગે પડીને વરદાન માંગ્યું. ઈસુએ તેને કહ્યું, ‘તારે શું જોઈએ છે?’ બાઈએ કહ્યું, ‘આપ એવી આજ્ઞા ફરમાવો કે એ મારા બે દીકરામાંથી એક આપના રાજ્યમાં આપને જમણે હાથે અને બીજો આપને ડાબે હાથે બેસે’” (માથ્થી ૨૦, ૨૦-૨૧).

યાકૂબ અને યોહાનની મા ઘણુંખરું ઈસુના નજીકના સંપર્કમાં હોવા જોઈએ. પ્રેષિત માથ્થીએ ઈસુના ક્રૂસ પાસે ઊભેલી સ્ત્રીઓમાં ઝબદીના પુત્રોની માનો પણ સમાવેશ કર્યો છે (માથ્થી ૨૭, ૫૬). આવા ઉલ્લેખોના આધારે બાઈબલના પંડિતો માને છે કે યાકૂબ અને યોહાનનાં માનું નામ સલોમી હોવું જોઈએ. ઈસુને અનુસરતી સ્ત્રીઓમાં સાલોમી પણ હતી. પારંપરિક માન્યતા પ્રમાણે સલોમી ઈસુનાં માતા પવિત્ર મરિયમની બહેન હતી.

જ્યારે ઈસુને ક્રૂસે જડાવવામાં આવ્યા ત્યારે બીજી કેટલીક સ્ત્રીઓ સાથે સાલોમીએ પણ દૂર ઊભી રહીને ઈસુનું ક્રૂસારોહણ જોયું છે. માર્ક લખે છે : “કેટલીક સ્ત્રીઓ પણ દૂર રહી-રહી જોતી હતી. તેઓમાં મગ્દલાની મરિયમ

અને નાના યાકોબ અને યોસેફની મા મરિયમ તથા સલોમી પણ હતી, જે ઈસુ જ્યારે ગાલીલમાં હતા ત્યારે તેમની પાછળ પાછળ ફરતી અને તેમની સેવા કરતી હતી ; ઉપરાંત ઈસુની સાથે યરુશાલેમ આવેલી બીજી ઘણી સ્ત્રીઓ પણ ત્યાં હતી" (માર્ક ૧૫, ૪૦-૪૧).

પ્રેષિતોની યાદીમાં હમેશાં યાકૂબનું નામ એના ભાઈ યોહાન સાથે આવે છે. કદાચ ઈસુએ પોતાના શિષ્યોને ગામડામાં બે-બેની ટુકડીમાં મોકલ્યા ત્યારે તેમણે યાકૂબ અને યોહાનને સાથે મોકલ્યા હશે.

ઈસુએ તેમને બોલાવ્યા ત્યારે બન્ને ભાઈઓ તરત જ તેમને અનુસર્યા હતા. ઈસુ પરની એમની શ્રદ્ધા તથા ઈસુ સાથેની તેમની ઊંડી મિત્રતા તેમને તેમજ સંત પીતરને ઈસુની નજીક લાવી. એટલે સિમોન પીતર, યાકૂબ અને યોહાનને પોતાના દિવ્યરૂપ દર્શનના સાક્ષી બનાવા ઈસુએ ખાસ પસંદ કર્યા હતા. "છ દિવસ પછી ઈસુ ફક્ત પીતર, યાકોબ અને તેના ભાઈ યોહાનને એક ઊંચા પર્વત ઉપર લઈ ગયા. ત્યાં તેઓની નજર આગળ તેમનું રૂપ બદલાઈ ગયું : તેમનો ચહેરો સૂર્યની જેમ ઝળહળવા લાગ્યો, અને તેમનાં વસ્ત્રો પ્રકાશ જેવા ઊજળાં થઈ ગયાં" (માથ્થી ૧૭, ૧-૨).

એ જ રીતે જ્યારે ઈસુ યાઈરની દીકરીને સાજી કરવા એમના ઘેર જાય છે ત્યારે ઈસુ પોતાની સાથે સિમોન પીતર, યાકૂબ અને યોહાનને જ સાથે લઈ જાય છે. (જુઓ માર્ક : ૫, ૩૭-૩૮, ૪૦, ૪૨).

અને છેલ્લે ઈસુ રાબેતા મુજબ ગેથસેમાની વાડીમાં પોતાના પ્રેષિતો સાથે પ્રાર્થના કરવા માટે જાય છે તે વખતે પણ ઈસુ પોતાના ખૂબ નજીકના ત્રણ શિષ્યોને ખાસ પોતાની સાથે રાખે છે. માથ્થી અને માર્કે એ પ્રસંગનું વર્ણન કર્યું છે. "પછી તેમણે પીતર, યાકુબ અને યોહાનને પોતાની સાથે લીધા. ભય અને ઉદ્વેગ તેમને ઘેરી વળ્યા, અને તેમણે શિષ્યોને કહ્યું, 'મને એટલો બધો શોક થાય છે કે જાણે પ્રાણ ચાલ્યા જશે. તમે અહીં રોકાઓ અને જાગતા રહો' " (માર્ક ૧૪, ૩૩-૩૪).

આ ત્રણ પ્રસંગો બતાવે છે કે આ ત્રણ શિષ્યો સિમોન, યાકૂબ અને યોહાનના ઈસુના ખૂબ નજીકના હતા અને એમના માટે ઈસુનો વિશેષ પ્રેમ હતો.

બાઈબલના પંડિત હુબર્ટ લોકયેર પોતાના પુસ્તક 'ઓલ ધ મેન ઓફ ધ બાઈબલ' માં કહે છે કે ઝબદીને યરુશાલેમમાં પણ એક ઘર હતું.

ઈસુની મહાવ્યથાના વર્ણનમાં ઈસુની ધરપકડ પ્રસંગ પછી યોહાન નોંધે છે, "સિમોન પીતર અને એક બીજો શિષ્ય ઈસુની પાછળ પાછળ ગયા. એ શિષ્ય વડા પુરોહિતનો ઓળખીતો હતો એટલે તે ઈસુની સાથે સાથે વડા પુરોહિતના મહેલમાં દાખલ થયો; પણ પીતર બહારને દરવાજે રોકાઈ ગયો આથી પેલો બીજો શિષ્ય, વડાપુરોહિતનો ઓળખીતો હતો, તેણે બહાર જઈને દ્વારપાલિકાને કહીને પીતરને અંદર તેડાવ્યો." (યોહાન ૧૮,

૧૫-૧૬).

ઈસુના બાર પ્રેષિતોમાં યાકૂબ સૌ પ્રથમ શહીદ થયા હતા. યાકૂબ ઈસુને અનુસરવા માંડયા પછી પંદરેક વર્ષમાં શહીદીને વર્યા હતા. આપણે પ્રેષિતોનાં ચરિતોમાં વાંચીએ છીએ કે, “એ જ અરસામાં રાજા હેરોદે ધર્મસંઘના કેટલાક માસણો ઉપર અત્યાચાર કરવા માટે હાથ ઉગામ્યા. યોહાનના ભાઈ યાકોબનો તેણે તલવારથી વધ કરાવ્યો” (પ્રે. ચ. ૧૨, ૧-૨).

ઈસુના બાર શિષ્યોમાં ફક્ત યાકૂબની શહીદીનો નવા કરારના પ્રેષિતોનાં ચરિતોમાં ઉલ્લેખ મળે છે. ઈસુએ પોતાના શિષ્યોને કહ્યું તેમ યાકૂબે જ ઈસુને અનુસરવામાં રક્ત વહેવડાવ્યું હતું. ઈસુએ યાકૂબ અને યોહાનને કહ્યું હતું, “હું જે પ્યાલો પીઉં તે તમે પીશો, અને હું જે અગ્નિસ્નાનમાંથી પસાર થાઉં તેમાંથી તમે પણ પસાર થશો, એ ખરું; પણ મારે ડાબે હાથે કે જમણે હાથે બેસવાનો અધિકાર આપવો એ મારા હાથની વાત નથી. એ સ્થાન તો ઈશ્વરે નક્કી કર્યું હશે તેમને જ મળશે” (માર્ક ૧૦, ૩૯-૪૦).

ઈસુના ઘણા શિષ્યોની જેમ આપણે યાકૂબ વિશે પણ ખૂબ ઓછું જાણીએ છીએ. છતાં ખ્રિસ્તી આલમમાં યાકૂબ એક લોકપ્રિય સંત છે. ઘણા ખ્રિસ્તીઓ યાકૂબનું નામ ધારણ કરીને ઈસુના શિષ્ય યાકૂબની લોકપ્રિયતાની ઘોષણા કરે છે. યરુશાલેમ શહેરમાં બારમી સદીથી સંત યાકૂબના નામે એક આર્મેનિયન મહાદેવાલય આવેલું છે. પારંપરિક માન્યતા મુજબ યાકૂબનું મસ્તક જ્યાં દફનાવાયું હતું ત્યાં તે જ જગ્યા પર મહાદેવાલય બંધાયું છે.

છેક ૧૭મી સદીથી સ્પેનના લોકો માને છે કે યાકૂબની શહીદી પહેલાં તેમણે સ્પેનની મુલાકાત લીધી હતી, સ્પેનનું એક શહેર કમ્પોસ્તેલ્લા સંત યાકૂબનું એક મોટું તીર્થાટન કેન્દ્ર છે. કેવળ સ્પેનમાંથી જ નહીં, પરંતુ આખા યુરોપ તેમજ વિશ્વના અન્ય ભાગોમાંથી પણ યાત્રીઓ કમ્પોસ્તેલ્લાની મુલાકાત લઈને સંત યાકૂબને આદરમાન આપે છે ને તેમની મધ્યસ્થી વડે પ્રાર્થના કરે છે. (લેખક સાથે સંપર્ક : ciss@satyam.net.in).